ગાંધીનગર સમાચાર
તા. ૯-૧૧-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

અકસ્માતો સામે બચવા સહિયારૂં ચિંતન જરૂરી

દિવાળીના દિવસો સવિશેષ ગુજરાતીઓ માટે છેલ્લા ત્રણેક દાયકાથી હવે પ્રવાસનપર્વમાં ફેરવાઈ ગયા છે. પોતપોતાના ગજા મુજબ લોકો આનંદપ્રમોદ કરે છે. અગાઉ વતનમાં દિવાળી ઊજવવાનો મહિમા હતો. હવે એથી તદ્દન ઊલટું કોઈ હિલ સ્ટેશન પર કે તીર્થસ્થાનમાં રજાઓ માણવાની પરંપરા શરૂ થઈ છે. પ્રવાસ દરમિયાન ક્યારેક અકસ્માત થાય ત્યારે તહેવાર ગોઝારો બની જતો હોય છે. તાજેતરમાં અનેક અકસ્માતો થયા હોવાના છૂટાછવાયા સમાચાર વાંચવા મળ્યા. એકલા ગાંધીનગર જિલ્લામાં જ ત્રણ મહિનામાં ચાળીસથી વધુ માર્ગ અકસ્માતો થયા તે શું સૂચવે છે? એક્સપ્રેસ હાઈવે પર થયેલ ગમખ્વાર અકસ્માતમાં બે પરિવારોનો ખુરદો બોલી ગયો હોવાના રક્તરંજિત સમાચારો અખબારોની હેડલાઈન બની ગયા. પરંતુ ફક્ત સ્મશાન વૈરાગ્યથી આગળ આપણે આવા અકસ્માતો સામે કોઈ પગલાં ભરતા નથી. અરેરાટી વ્યક્ત કર્યાથી સમસ્યા ઉકેલાઈ જતી નથી. પરંતુ આપણી માનસિકતા જ કંઈક એવી બંધાયેલી છે કે જન્મ અને મૃત્યુ તો ઈશ્વરના હાથની વાત છે. મોત પોકારતું હોય ત્યાં કોઈ કંઈ જ ન કરી શકે! આ તદ્દન વાહિયાત અને સંપૂર્ણ પણે અવૈજ્ઞાનિક વિચારસરણી છે. અકસ્માતો મહદંશે માનવસર્જિત હોય છે. એ નિવારી શકાય છે પરંતુ, એ માટે જરૂરી છે યોગ્ય ટ્રાફિક નિયંત્રણની અને વાહનચાલકો પાસે ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન કરવાની. પરંતુ માનવી એવી બેદરકારી સેવે છે કે એ જેમ જેમ વધારે સુવિધાઓ મેળવે છે અને વધુ આવડતો કેળવે છે તેમ તેમ અકસ્માતો ઘટવાને બદલે વધતા જાય છે. વાહનો વધતાં જ જાય છે, રસ્તા પણ હેમા માલિનીના ગાલ જેવા લિસ્સા બનતા જાય છે; પછી વાહનચાલક બેફામ ન બને તો જ નવાઈ. ગાંધીનગરના માર્ગો પહોળા અને સુવિધાજનક બનતા ગયા એમ અકસ્માતોનું પ્રમાણ પણ વધતું ગયું છે. અગાઉ લીંબડી-બગોદરા હાઈવે પર થતા અકસ્માતોનું પ્રમાણ એ ધોરીમાર્ગ એક માર્ગી થતાં ઘટવા પામ્યું છે. એ જ રીતે ચિલોડ- હિંમતનગર ધોરી માર્ગ પર પણ અકસ્માતો અગાઉની સરખામણીએ ઓછા થાય છે. એક્સપ્રેસ હાઈવે પર અકસ્માત ન થવા જોઈએ, કારણ કે વાહનોને સ્પષ્ટ સૂચના અપાયેલ છે કે વચ્ચે કોઈ જગ્યાએ થોભી શકાશે નહીં. તાજેતરમાં જે જીવલેણ અકસ્માત થયો એનું કારણ કારને પંક્ચર થતાં અધવચ્ચે રોકાવું પડ્યું તે હતું. અધવચ્ચે ઊભી રહેલી કારને પૂર ઝડપે આવતી ટ્રકે ટક્કર મારી દીધી હતી. રસ્તાઓ પર અકસ્માતથી બચવા માટે વિવિધ સૂત્રો લખી વાહનચાલકોને ચેતવવાની પરંપરા બહુ કારગત નીવડી નથી. જો કે એથી વાહનચાલક સંવેદનશીલ હોય તો અવશ્ય ઝડપ પર કાબૂ મેળવવા કોશિશ કરશે. વળાંક પર પણ પૂરઝડપે અન્ય વાહનોને ઓવરટેક કરી પોતાની હોશિયારી બતાવતા ચાલકોનું ભવિષ્ય ધૂંધળું જ રહેવાનું . 'ઝડપની મજા, મોતની સજા' સૂત્ર એ અર્થમાં સાર્થક બની રહે છે. આજે બધું જ મોંઘું બની ગયું છે. સસ્તી બની ગઈ છે માનવીની જિંદગી. આ જિંદગી એ ઈશ્વરની અણમોલ ભેટ છે. એને અધવચ્ચે વેડફી મારવાનો આપણને કોઈ જ અધિકાર નથી. સરકાર અને સમાજના સહિયારા પુરુષાર્થથી માર્ગ અકસ્માતોનું પ્રમાણ નીચું આણી શકાય, જરૂર છે એ દિશામાં નિષ્ઠા પૂર્વક દૃઢ સંકલ્પ કરવાની. મૃત્યુનાં ચાર સૌથી મોટાં કારણોમાં માર્ગ અકસ્માતનો સમાવેશ થાય છે. હૃદયરોગ, કેન્સર અને ડિપ્રેશન માનવ સર્જિત કરતાં વિશેષ હોઈ એમનું નિયંત્રણ અઘરું છે, પરંતુ માર્ગ અકસ્માત તો સંપૂર્ણપણે માનવ સર્જિત છે, અને તેથી સંનિષ્ઠ સહિયારા પ્રયત્નોથી એના પર સંપૂર્ણ કાબૂ પ્રાપ્ત કરવાનું અઘરું નથી. વિકસિત રાષ્ટ્રોમાં આપણા દેશની સરખામણીમાં માર્ગ અકસ્માતથી ઘણાં ઓછા મૃત્યુ થાય છે, તે જ શું સૂચક નથી?

પી.એચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૮

શ્રી પ્રયતકર ખીમજીભાઈ કાનડિયાએ આ. પ્રોફેસર ગુજરાત વિદ્યાપીઠ 'ગુજરાત રાજયના વિશ્વવિદ્યાલય ગ્રંથાલયના કર્મચારીઓનો કાર્ય સંતોષ' વિષય પર ડૉ. શિવદાનભાઈ ચારણના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે.

દિવાળી પર્વો બાદની રજાઓમાં ગાંધીનગર પ્રવાસીઓથી ઉભરાયુ

અક્ષરધામ મંદિરની રોશની જોવા ભારે ધસારો : ગાંધીનગર ઉપરાંત આસપાસના હરવા ફરવાના સ્થળોએ ભારે ભીડ

ગાંધીનગર, તા.૮

દિવાળી અને બેસતા વર્ષ બાદ હરવા ફરવા નીકળેલા પ્રવાસીઓથી ગાંધીનગર શહેર ઉભરાઈ રહ્યું છે. અક્ષરધામ મંદિર, અડાલજની વાવ, ઈન્દ્રોડા પાર્ક અને આસપાસના અન્ય હરવા ફરવાના સ્થળોએ ખુબ ધસારો જોવા મળી રહ્યો છે. હોટલ, રેસ્ટોરન્ટ અને ફાસ્ટફુડના પાર્લરો ધમધમી રહ્યા છે.

દિવાળી બાદનો ફેસ્ટીવ મુડ હજી ચાલુ છે. દિવાળી અને બેસતા વર્ષ બાદ હરવા ફરવા નીકળેલા પ્રવાસીઓ ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે. કર્મચારી વર્ગે સોમવાર સુધીની રજાઓનો મેળ પાડયો છે તો વેપારી વર્ગ પાંચમ-સાતમ સુધી હરવા ફરવાના મુડમાં છે. ગાંધીનગરમાં ખાસ કરીને અક્ષરધામ મંદિરે હેયે હેયું દળાય તેટલી ભારે ભીડ જોવા મળી રહી છે. અહીં છેક રવિવાર સુધી દરરોજ સાંજે રોશની કરવામાં આવતી હોવાથી પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેર ઉપરાંત દુરદુરથી પ્રવાસીઓ ખાનગી વાહનો લઈ અક્ષરધામ મંદિરે આવી રહ્યા છે. મંદિરની બહાર આવેલ પાર્કિંગ સ્પેસ ઉપરાંત આસપાસના તમામ માર્ગો અને ખુલ્લા સ્થળોએ વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. સાંજના સમયે ભીડ અને ટ્રાફિક ખુબ વધી જતા પોલીસને ખાસ બંદોબસ્ત ગોઠવવાની જરૂર પડી હતી. અક્ષરધામ મંદિર ઉપરાંત સેક્ટર-૨૮નો બગીચો, સરીતા ઉદ્યાન અને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રવાસીઓની સંખ્યા વધી છે. ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસ આવેલા ધાર્મિક અને હરવા ફરવાના સ્થળોએ ખુબ ભીડ જોવા મળી રહી છે. વૈષ્ણોદેવી મંદિર, અડાલજની વાવ, ધોળેશ્વર મહાદેવ મંદિર, વાસણીયા મહાદેવ મંદિર અને ડભોડા મંદરે પણ ખુબ ભીડ છે. શહેરની હોટલો, રેસ્ટોરન્ટ અને ફુડ પોઈન્ટ પર ભારે ધસારો રહ્યો છે. હજુ છેક સોમવારે રાબેતા મુજબ જનજીવન થશે ત્યાં સુધી શહેરમાં ભીડ જોવા મળશે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના જાણીતા વેપારી અગ્રણી શ્રી નટુભાઈ વ્યાસના દિકરા બિપીનભાઈનું વેકેશન માણવા જયપુર પ્રવાસે ગયા હતા ત્યાં હૃદયરોગનો હુમલો આવતાં દુઃખદ અવસાન થયું છે.
- સચિવાલય સેક્શન ઓફિસર્સ એશો.ની ચૂંટણીમાં એકતા પેનલના તમામ ઉમેદવારો વિજયી જાહેર કરાયા છે.
- જુસિકાએ હવે વણવપરાયેલી દવાઓ એકત્ર કરી અને ગરીબ પરિવારોને વિના મૂલ્યે વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે. વણવપરાયેલી દવાઓ આપવા માટે ફોન નં. ૯૭૨૭૩ ૭૩૯૪૮ પર ફોન કરવા જણાવાયું છે.
- મુખ્યમંત્રી મોટરમાર્ગે અમદાવાદ કે અન્ય વિસ્તારમાં જતા હોઈ ગાંધીનગરની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં સઘન પોલીસ તપાસ કરવામાં આવી રહી છે.
- જિલ્લાના મુખ્ય સરકારી વકીલ શ્રી હિતેશ રાવલ અને સાથીઓ વડનગર હાટકેશ્વર મહાદેવના દર્શનાર્થે પગપાળા આજે પહોંચશે. રવિવારે વહેલી સવારે હાટકેશ્વર મહાદેવના મંદિર પર ધજા ચડાવશે અને શિવલીંગ પર રૂદ્રાભિષેક કરશે.

હરિની દૃષ્ટિ...

સાહેબ, અહીં બધું જ રોંગ પાર્કીંગ કરેલું છે પરંતુ ટોઈંગવાન અહીં ન મોકલશો...આ લોકો નહીં સુધરે... આપણે જ સુધરી જઈએ..ઓવર..

દિવાળી દરમિયાન એસ.ટી.ને ૨૫ લાખની આવક

અમદાવાદ-અક્ષરધામ રૂટની બસોમાં વિશેષ ટ્રાફિક રહ્યો

ગાંધીનગર, તા. ૮

દિવાળીના તહેવાર દરમિયાન એસ.ટી.ડેપો દ્વારા વધારાની બસો દોડાવવામાં આવી હતી. મુસાફરોને સમયસર અને યોગ્ય બસસેવા મળી રહે તે માટે ગાંધીનગર-અમદાવાદ રૂટ સહીત અન્ય શહેરોના ટ્રાફિકને પહોંચી વળવા બસો મુકવામાં આવી હતી. દિવાળીના દિવસોમાં વધારાની બસો દોડાવી એસ.ટી.એ રૂ. ૨૫ લાખની આવક મેળવી છે.

દિવાળીના તહેવારના દિવસોમાં મુસાફરોને પર્યાપ્ત બસસેવા ઉપલબ્ધ થાય તે માટે એસ.ટી. તંત્ર દ્વારા દર વર્ષે વધારાની બસો દોડાવવામાં આવે છે. હોળી-ધુળેટીની સાથે દિવાળીમાં જરૂર મુજબના રૂટ પર વધારાની બસો દોડાવી એસ.ટી. તંત્ર મુસાફરોને વધુ સુવિધા ઉપલબ્ધ કરવાની સાથે વધારાની આવક પણ મેળવે છે. આ વર્ષે પણ એસ.ટી. બસોમાં ટ્રાફિક ભરચક જોવા મળ્યો હતો. જ્યારે ટ્રાફિકને પહોંચી વળવા એસ.ટી. તંત્ર દ્વારા ગાંધીનગર-અમદાવાદ રૂટ વચ્ચે ટ્રાફિક મુજબ બસસેવા વધારવાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગોધરા પંચમહાલ અને દાહોદ સહીત સૌરાષ્ટ્ર વિસ્તારને અનુલક્ષીને પણ વધારાની બસસેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીના પર્વ દરમિયાન વધારાની બસસેવાના અંતે ગાંધીનગર ડેપોએ રૂ. ૨૫ લાખની આવક મેળવી છે. જ્યારે આ પૈકી અમદાવાદથી અક્ષરધામ રૂટ પર વિશેષ ટ્રાફિક રહ્યો હતો. જેને લઈ આ રૂટ પર વધારાની બસોની સેવા અસરકારક રહી હોવાનુ પણ સૂત્રોએ જણાવ્યું છે.

શહેરીજનો શરદી, સળેખમ અને ખાંસીની ઝપેટમાં

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના શહેરીજનો હાલમાં શરદી, સળેખમ, ખાંસીથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ઠંડીની શરૂઆત મોડી અને તહેવારો ટાણે જ થતાં બેવડી ઋતુના ચકકરમાં શરીર ઉપર તેની અસરો ઉભી થતાં આ રોગની ઉત્પત્તિ થઈ હોવાનું શહેરીજનો માની રહ્યા છે. જયારે તહેવારોમાં મનગમતી મીઠાઈની વાનગીઓનો સ્વાદ પણ જવાબદાર હોવાનું લોકો જણાવી રહ્યા છે. પરંતુ શરદી, ઉધરસ અને છીંકો થકી લોકો તબીબોના ચકકર કાપતા થઈ ગયા છે તે વાસ્તવિક હકીકત બની છે.

હરીયાળા ગાંધીનગરના વસાહતીઓ કુદરતના અદભૂત અને અચાનક કરાતાં ફેરફારને સમજી ન શકતા ઉનાળા અને શિયાળાનો સાથે અનુભવ મેળવી તેનાથી ઉત્પન્ન થતા રોગોની ઝપેટમાં આવી ગયા છે. શરદી, કફ, ઉધરસ અને છીંકો થી ત્રાહીમામ શહેરીજનો ખાનગી અને સરકારી દવાખાનાના શરણે પહોંચ્યા છે. દિપાવલીના તહવારોમાં ઉપયોગમાં લેવાતી મીઠાઈઓ અને તળેલા ફરસાણ થકી પણ શરીરમાં તેના ફેરફાર થતા હોવાનું તબીબો જણાવી રહ્યા છે. તેમજ રોગ પ્રતિકારક શકિત ઓછી હોય તેના ઉપર જલ્દી અસરો વર્તાતી હોવાનું પણ તબીબોએ ઉમેર્યું હતું.

ઘેર ઘેર શરદી, સળેખમ, ખાંસીના દરદીઓ હાલમાં જોવા મળી રહ્યા છે. જેમાં કેટલાક ઘરમાં જ દેશી ઉપયોગી વસ્તુઓ થકી આ રોગ ઉપર કાબુ મેળવવા પ્રયત્નો કરે છે. સુંઠ, મરી, ગોળ અને તુલસીનો ઉકાળો આ રોગમાં દેશી ઉપચાર તરીકે ઘેર ઘેર બનાવાય છે. તેમજ વિકસ જેવા મલમ શરીરે ચોપડી પરસેવો થાય ત્યાં સુધી શરીરને ઢાંકી રાખવા જેવા ઉપચાર પણ હાથ ધરાય છે.

દિવસે ગરમી જેમાં પંખા, એસી, કુલર અને ઠંડુ પાણીનો વપરાશ થાય છે જયારે સમી સાંજથી શિયાળાના અહેસાસ સાથે ઠંડી લાગે છે આમ આ બેવડી ઋતુની અસરો થકી માનવ શરીર ટેવાયેલું ન હોવાથી શરદી, સળેખમ, ખાંસી જેવા રોગો હાવી થતાં હોય છે જેમાં સમયસર તબીબી સારવાર મેળવી લેવી જોઈએ જેથી રોગોને આગળ વધતાં અટકાવી શકાય.

પરિણીતાને આપઘાત કરવા મજબુર કરનાર પતિ અને જેઠની ધરપકડ

ગાંધીનગર, તા. ૮

પખવાડિયા અગાઉ કોલવડા ગામમાં રહેતી પરિણીતાએ પોતાના ઘરે જ અગ્નિસ્નાન કરી લઈને આપઘાત કરી લીધો હતો. આ બનાવ સંદર્ભે પરિણીતાના પિતાએ પેથાપુર પોલીસમથકે સાસરીયાઓ સામે ફરીયાદ નોંધાવી હતી. પતિ, સાસુ, જેઠ અને જેઠાણીના ત્રાસથી તેણીએ આપઘાત કર્યો હોવાની ફરીયાદ કરતા પેથાપુર પોલીસે ચારેય સામે ગુનો દાખલ કર્યો હતો. આ પ્રકરણમાં પેથાપુર પોલીસે આરોપી પતિ અને જેઠની ધરપકડ કરી લઈ સાસુ અને જેઠાણીની શોધખોળ શરૂ કરી છે.

૩૦મી ઓકટોબરના રોજ કોલવડા ગામમાં રહેતી પરિણીતા બીનલબા ભુપેન્દ્રસિંહ વાઘેલાએ પોતાના ઘરે અગ્નિસ્નાન કરી લઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટનાને બીજે દિવસે મૃતક પરિણીતાના પિતા જશુજી ડાભીએ પેથાપુર પોલીસમથકે તેણીના પતિ ભુપેન્દ્રસિંહ નટવરસિંહ વાઘેલા, સાસુ જશીબા, જેઠ દશરથસિંહ નટવરસિંહ વાઘેલા અને જેઠાણી રમીલાબા ચારેય જણા ત્રાસ આપતા હોવાથી આપઘાત કર્યો હોવા અંગેની ફરીયાદ નોંધાવી હતી. જેને પગલે આજે પેથાપુર સિનિ. પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાએ આરોપી પતિ ભુપેન્દ્રસિંહ અને જેઠ દશરથસિંહ બન્નેની ધરપકડ કરી લીધી છે. જ્યારે અન્ય બે ફરાર આરોપી સાસુ અને જેઠાણીની શોધખોળ હાથ ધરી છે.

પાટણવાડા રોહિત સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં વસતા પાટણવાડા રોહિત સમાજ નિવૃત્ત થયેલ કર્મચારી તેમજ નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારંભ તા. ૧૦ નવેમ્બર રવિવાર સવારે ૯.૩૦ કલાકે ડૉ. આંબેડકર ભવન સે. ૧૨ ખાતે યોજવામાં આવશે.

પાટણવાડા રોહિત સમાજ દ્વારા યોજનાર નિવૃત્ત કર્મચારીઓને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવશે તેમજ નૂતન વર્ષ નિમિત્તે સમાજના સભ્યોને શુભેચ્છાઓની આપલે કરવાનો કાર્યક્રમ યોજાશે. આ સમારંભમાં પ્રમુખ તરીકે આરતીબેન પટેલ, પૂર્વ કારોબારી ચેરમેન નગરપાલિકા સિક્કા ઉપસ્થિત રહેશે.

સમારંભમાં મુખ્ય મહેમાનો તરીકે વી.કે. સોલંકી, પી.એચ. સર્વાકર, એન.ડી. પટેલ, અમૃત પટેલ તેમજ મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે. તેમ એસ.એમ. સોલંકી ઉપસ્થિત રહેશે. તેમ એસ.એમ. સોલંકીએ જણાવ્યું છે.

ગુજરાત વણકર સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગુજરાત વણકર સમાજના ૧૮માં જીવનસાથી પસંદગી મેળાનું આયોજન તા. ૧૫ નવેમ્બર બપોરે ૩.૦૦ કલાકે અમદાવાદ દિનેશ હોલ ખાતે રાખવામાં આવેલ છે. જિલ્લામાં વસતા સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ માટે જે યુવક યુવતી ફોર્મ ભરીને પ્રતિનિધિ બનવા ઈચ્છતા હોય તેમણે ડી.એન. પરમાર સેકટર-૭-બી, પ્લોટ નં. ૫૪૦/૨ ખાતે સંપર્ક કરવા માટે જાણ કરવામાં આવી છે. આ કાર્યક્રમ સાથે ધો-૧૦ અને ધો-૧૨ માં ૮૫ ટકા કે તેથી ઉપર માર્કસ મેળવનાર માટે તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ રાખવામાં આવેલ છે.

પંચદેવ મંદિર ખાતે સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગર સેકટર-૨૨માં આવેલ પ્રસિધ્ધ મંદિર પંચદેવ મંદિર ખાતે છેલ્લા આઠ વર્ષથી સુંદરકાંડના પાઠ યોજાય છે.તા. ૯ નવેમ્બર રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાડના પાઠનું આયોજન કાંતીભાઈ યોગીની વ્યાસપીઠ દ્વારા કરવામાં આવ્યું છે. આથી કળિયુગમાં અમૃત સમાન સુંદરકાંડના પાઠનો લાભ લેવા ભાવિક ભકતોને આમંત્રણ આપવામાં આવેલ છે.

આનંદના ગરબાનું આયોજન

ભાવનાબેન ગોકલાણીના સ્વરે આનંદના ગરબાનું આયોજન તા. ૧૦ નવેમ્બરના રોજ બપોરે ૨ કલાકે દક્ષાબેન જગદીશચંદ્ર ખમાર પ્લોટ નં. ૭૭૩/૧, સેકટર-૭-બી, સરકારી કોમ્યુનીટી હોલ સામે કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મેડીકલ કોલેજને દેહદાન મળ્યું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ચાલતી મેડીકલ કોલેજમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તેવા ઉમદા હેતુથી ગાંધીનગર સે-૭ સ્થિત રહેતા દેવરાજભાઈ નરસિંહભાઈ રાદડીયાનું અવસાન થતા તેમના પુત્ર વિનોદભાઈ રાદડીયાએ પિતાનું દેહદાન ગાંધીનગર મેડીકલ કોલેજને કર્યુ હતું. આ પ્રસંગે જુસીકાના કાર્યકર કમલભાઈ ચૌધરી, ગૌરવ પટેલ, દિલીપ દંતાણી ઉપસ્થિત રહ્યા હતાં.

આજે સે. ૫ માં રવિસંધ્યા ભજનકિર્તન

ગાંધીનગરમાં સંતશ્રી રોહિદાસ સેવા સમાજ દ્વારા સેકટર-૫-એમાં પ્લોટ નં. ૧૯૨/૨ ખાતે 'રવિસંધ્યા' ભજન-કિર્તન કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં સંત શિરોમણી રોહિતદાસ પર આધારિત ટેલિફિલ્મમાં 'સંત રોહિતદાસ'ની શિર્ષક ભૂમિકા ભજવનાર અદાકાર સુરેશ પારથી મુખ્ય ભજનિક તરીકે તેમજ લોકગાયક બળદેવ સોલંકી, ભજનિક મગન પરમાર, શંકર ભગત તથા તબલા વાદક જશુભાઈ ભજનની રમઝટ જમાવશે. રોહિતદાસ સેવા સમાજ દ્વારા આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા સર્વ ધર્મપ્રેમી જનતાને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

દિવાળી એ દિપ પર્વ હોવાની સાથે સાથે નૂતન વર્ષને આવકારી નવ પલ્લવિત થવાનો અવસર પણ છે

● નૂતન વર્ષાભિનંદન

વિક્રમ સંવતના નૂતન વર્ષના આગમન સાથે જ દિપાવલી પર્વ એક અનેરા ઉલ્લાસ અને સર્વત્ર ખુશીના માહોલમાં ફેરવાઈ જાય છે. દિવાળી એ દિપ પર્વ હોવાની સાથે સાથે નૂતન વર્ષને આવકારી નવ પલ્લવિત થવાનો અવસર પણ છે. ઘરમાંથી જૂનો કચરો અને નક્કામી ચીજવસ્તુઓનો નિકાલ કરી પોતાના ઘરને સજાવવાની સાથે સાથે જુની પુરાણી ઘરેડને પણ ત્યજી નવા વિચારોને આવકારી નવીન ઉર્જા પ્રાપ્ત કરી હૃદય અને ચિત્તમાં નૂતન અભિગમ કેળવવાનો દર વર્ષે મળતો 'સંગીન' મોકો પણ છે. જુની કડવાશને નવી મિઠાશમાં પરિવર્તીત કરવામાં જો કચાશ રાખવામા આવે તો દિવાળી માત્ર દિવેલના દીવા અને દિવેલીયાના ડાચાં પૂરતી જ સિમીત રહી જાય છે.

વિક્રમ સંવતના કેલેન્ડરના 'દફ્તા' ભળે કિંગફિશરના કેલેન્ડર સામે હારી ગયા હોય પણ યોઘડિયા હજુએ તારીખોના તક્ષા પર જૂના રજવાડાની જેમ રાજ કરી રહ્યા છે. દિવાળીના ફટાકડાએ તારામંડળ અને લવિંગીયાથી નવરંગી આતશબાજીની હરણફાળ ભરી છે પણ વહેલી પરોઢે શારદાપૂજન પત્યા પછી તો લાલ ટેંટાની લૂમ જ પૂજા સંપન્ન થયાનો આનંદ આપે છે. પહેલાના સમયમાં પોસ્ટકાર્ડથી શુભેચ્છાઓ પાઠવવામાં આવતી જે કાળક્રમે રંગીન ગ્રીટીંગ્સ કાર્ડસમાં ફેરવાઇ હતી. જેમાં દેવીદેવતાઓના ફોટા અને આઝાદીની લડતના નેતાઓથી શરૂઆત થઇને હિન્દી સિનેમાના અભિનેતાઓ સુધી ચાલી પણ ખરી.

વળી, વચ્ચેનો એમાં કુદરતી દૃશ્યો અને ક્રિકેટરો પણ ઉમેરાયા. એક તબક્કે 'પાર્ટ ટાઇમ' બિઝનેશમાંથી ફુલટાઇમ અને મલ્ટીનેશનલ કંપનીઓ સુધી વિસ્તરેલા આ બિઝનેશને અચાનક 'એમ.એમ.એસ'ની નજર લાગી ગઇ અને ગણતરીના વર્ષોમાં જ ગ્રીટીંગ્સ ગેલેરીઓનાં પાટીયા બદલાઇ ગયાં. તેમાં વળી ઇમેઇલનો ઉમેરો થતાં જ કોમર્શિયલ સપોર્ટ સીટી વગાડતી 'હવાઇ'ની જેમ ખોવાઇ ગયો. હવે તો લેટેસ્ટ સોશ્યલ નેટવર્કીંગ અને વોટ્સ અપ જેવી 'એપ' નો ચેપ એવો ફેલાયો છે કે તેના રોગીઓ 'અપડેટ'ના ઘોડાપૂરમાં તણાવાં છતાં 'કોરાધાકોર' પણ રહી શકે છે.

આમ તો દિવાળીના તહેવારની શરૂઆત 'ધનતેરસ'થી થાય છે અને આમ પણ આ તહેવારની ઝાકમઝાળ પાછળ ખરો ખેલ તો 'ધન' નો જ હોય છે. વર્ષમાં સાતેક વખત પધારતા પુષ્યનક્ષત્રમાં સોના વરણે ધન્ય થવા થતી પડાપડી પંદરમી ઓગસ્ટે ત્રિરંગો ખરીદવા કરાતી ભાવની રકઝક વખતે યાદ રહેતી નથી. કાળી ચૌદશે ચાર રસ્તે પાણીનાં કુંડાળા કરી વડાં મુકતા 'કકળાટ' કાઢયાની 'હાશ'ને રોજ સવારે નળ ચાલુ

ટેલિ રીઝન

- સમીર રાવી

રાખીને બ્રશ કરતી વખતે વેડફાતાં પાણી સાથે સરખાવવો તે તો ખીચડીમાં ચા નાંખીને ખાવા જેવી વિચિત્ર બાબત લાગે ને ? અંધશ્રદ્ધાને અને જવાબદારીને 'સ્નાન સૂતક'નો પણ સંબંધ હોતો નથી. દર દિવાળીએ ઇંગ્લિશ મિડીયમની સ્કૂલોની ફેકટલેસ દિવાળી માટેની રેલીઓને ભલે સીડની ઓપેરા હાઉસની આતશબાજીની ખબર ના હોય પણ આપણા ફટાકડા રસિકો ચાઇનીઝ 'આઇટમો'થી દિપાવલી પર્વ ઝગમગાવતા જરૂર થઇ ગયા છે. નવા વર્ષની વહેલી સવારે મંદિરોમાં લાગતી લાઇનો એ હજુ પણ ધાર્મિક સુવાસ અકબંધ રાખી છે. બાકી ખરી દિવાળી તો બેસતાં વર્ષના દિવસથી જ શરૂ થાય છે. દિવાળી વેકેશનમાં 'બહાર' ફરવા જવાના નવિનતમ ટ્રેન્ડે પણ હવે તો ઘણી દિવાળીઓ જોઇ લીધી છે. પણ પાછા આવ્યા પછી પણ મઠીયા-ચોળાફળી થી ચાલુ કરીને કાજુકતરી કે ગુલાબ કતરી ખવાય ત્યારે જ દિવાળીનો ઓડકાર આવે છે. સતત ચાલતા નાસ્તા અને મીઠાઇની હોડ એવી જામે છે કે જીભ પછી કટ્ટી ખીચડી ખાવા રીતસર તરફડવા લાગે છે. રોજ ભૂખ ભાંગતી ભાખરી પછી એકાએક પૂનમના ચાંદ જેવી પ્રિય દેખાવા લાગે છે. મુખવાસોના મધમઘાટથી પેટ એવું તો મહેંકે છે કે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના અબ્દુલની આખી સોડાના દુકાન પણ ઓછી પડી જાય છે.

કેટલાકને રંગોળીના રંગો પણ નવા વર્ષે નવી ડિઝાઇનના સથવારે નવું કર્યાનો સંતોષ પૂરો પાડે છે. જો કે આ બધા ધમધમાટમાં આખા વર્ષ દરમિયાન વધેલા ડુંગળીના ભાવ કે પેટ્રોલના ભાવ સાવ ભૂલાઇ જાય છે, સૌથી વધારે હસતા ચહેરા એક સાથે જોવા મળે તે માટે પણ આ પર્વનો જ આભાર માનવો પડે તેમ છે. બાકી આ સ્મિતો આગળ તો શેરબજારથી લઇને બોમ્બ વિસ્ફોટો સુધીનાં કંઇ કેટલાય આકાશી અંધકારો ઘેરાયેલા જ હોય છે. પણ આ 'છોંડા અંધારેથી પરમ પ્રકાશે' લઇ જતા આ પર્વને જેટલું ઉજવીએ તેટલું ઓછું છે.